# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨ તા.૧૫-૫-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશપાત્ર બાળકોના નામાંકન માટે આપ સૌએ જાન્યુઆરી માસથી સર્વેનું કાર્ય ચાલુ કરેલ છે. આપ તમામની શાળાઓમાં ‘‘શાળા પ્રવેશ રજીસ્ટર’’ તૈયાર થઈ ગયેલ છે. આપની શાળામાં પ્રવેશપાત્ર મોટાભાગના બાળકોના વાલીઓ સાથે સંપર્ક કરવામાં આવેલ છે. હાલમાં ઘણા બધા વાલી તમારી શાળામાં પ્રવેશ માટે મુલાકાત લે છે. અત્રેની કચેરીએ પણ ટેલીફોન કરીને પ્રવેશ માટે પૂછપરછ કરે છે. આથી દરેક શાળામાં વેકેશન દરમ્યાન (રજાના દિવસ સિવાય) સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક દરમ્યાન શાળામાં મુખ્ય શિક્ષક અથવા શિક્ષક હાજર રહે તો પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધી શકે તેમ છે. શાળાઓ અનુકુળતા મુજબ સ્વૈચ્છિક દરરોજ એક શિક્ષકની વ્યવસ્થા કરીને આપના બીટ સુપરવાઈઝરશ્રીને તારીખવાર આયોજન કરશે તો આપણે આપણી શાળાઓમાં સારા પ્રમાણમાં નામાંકન કરી શકીશું. આપની શાળાના મુખ્ય પ્રવેશદ્વાર પર ‘‘શાળામાં પ્રવેશ ચાલુ છે’’ તે વિગત સંદર્ભનું આકર્ષક બેનર લગાવવું.

તા.૧૫-૦૫-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી